RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 107* Date: 13.02.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## અંતરીક્ષમાં ભારતનો દબદબો: ઈસરોએ પ્રથમ વાર પ્રાઈવેટ ઉપગ્રહોનું ટેસ્ટિંગ કર્યું

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતીય સ્ટાર્ટઅપ્સ દ્વારા બે ઉપગ્રહો SpaceKidz India y™u Pixxel નું ઈસરોના યુઆર રાવ સેટેલાઈટ સેન્ટરમાં પરીક્ષણ કરવામાં આવ્યું છે. ઈસરો માટે આ પ્રથમ વખત હતું જયારે તેણે કોઈ પ્રાઈવેટ સેટેલાઈટનું ટેસ્ટીંગ કર્યું છે. પહેલા ઈસરો પ્રિવેટ કંપનીઓને માત્ર રોકેટ અને ઉપગ્રહોના વિભિન્ન સ્પેર પાર્ટસના નિર્માણમાં જ મદદ કરતું હતું.

ગયા વર્ષે જીન મહિનામાં ઈસરોના દરવાજા પ્રાઈવેટ કંપનીઓ માટે ખોલવામાં આવ્યા હતા. સરકારના આ નિર્ણય બાદ આ સંભવ બન્યું છે. એક સ્વતંત્ર ભારતીય રાષ્ટ્રીય અંતરીક્ષ સંવર્ધન અને પ્રાધિકરણ કેન્દ્રની સ્થાપના માત્ર પ્રાઈવેટ ક્ષેત્રની અંતરીક્ષ ગતિવિધિની દેખરેખ કરવા માટે જ નહીં પરંતુ ઈસરોની સુવિધાઓ માટે પણ કરવામાં આવી છે.

આ ઘોષણાના બરાબર આઠ મહિના બાદ ઈસરો આ ઉપગ્રહોને આ મહિનાના અંતમાં નક્કી થેયલા PSLV મિશન અંતર્ગત લોન્ચ કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ એવું પહેલું મિશન હશે કે જયાં ભારતીય ઉદ્યોગ દ્વારા ઉપગ્રહોને વ્યાવસાયિક રુપે ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવશે.

સ્પેસક્રિડજ ઈન્ડિયાના વિદ્યાર્થીઓ દ્વારા આ ઉપગ્રહોને ડિઝાઈન કરવામાં આવ્યા છે. જેને જાન્યુઆરી ૨૦૧૯માં એક પ્રયોગના રુપમાં પીએસએલવીના ત્રીજા તબક્કામાં લોન્ચ કરવામાં આવશે.

## દેશમાં પેટ્રોલ-ડિઝલના ભાવ રેકોર્ડ સ્તરે છે ત્યારે આસામ સરકારનો મતદારોને રિઝવવા મોટો નિર્ણય

# આસામમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં પાંચ રૂપિયાનો જંગી ઘટાડો

**દારૂ પર ૨૫ ટકા ડ્યૂટી ઘટાડવામાં આવી, વિતેલા વર્ષે એપ્રિલ માસમાં આસામમાં પેટ્રોલ અને ડિઝલ પર ૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો, આસામમાં માર્ચ-એપ્રિલમાં ચૂંટણી યોજાશે**



*દિસપૂર,તા.૧૨*

એક બાજુ જ્યાં દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ભડકે બળી રહ્યા છે ત્યારે ચૂંટણીને ધ્યાનમાં રાખતા આસામ સરકારે મોટો નિર્ણય કર્યો છે. આસામની સર્બનંદ સોનેવાલે સરકારે આજે કહ્યું કે, રાજ્યમાં પેટ્રોલ ડીઝલની કિંમતમાં પાંચ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. તેની સાથે જ દારૂ પર ૨૫% ડ્યૂટી ઘટાડવામાં આવી છે. નવા દર અને ટેક્સ આજે રાત્રે ૧૨ કલાકથી લાગુ થશે.

આસામના નાણા મંત્રી હેમંતા વિશ્વાસસર્માએ આજે વિધાનસભામાં નવા દરની જાહેરાત કરી છે. આસામમાં માર્ચ-એપ્રિલમાં ચૂંટણી થવાની છે. સર્બાનંદ સોનેવાલના નેતૃત્વવાળી ભાજપ સરકાર સત્તાની ખુરશી પોતાની પાસે રાખવા માગે છે.

જણાવીએ કે, વિતેલા વર્ષે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલમાં રેકોર્ડ ઘટાડો થવાં છતા આસામ સરાકેર કોરોના મહામારી પર પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કર્યો હતો. વિતેલા વર્ષે એપ્રિલ મહિનામાં આસામમાં પેટ્રોલ ૫.૮૫ રૂપિયા અને ડીઝલ પર ૫.૪૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. આ વધારાનો વિપક્ષે ખૂબ વિરોધ કર્યો હતો.

એ દરમિયાન પેટ્રોલ ડીઝલની કિંમતાં વધારો કરતાં નાણામંત્રીએ કહ્યું હતું કે, એક વખત જ્યારે કોરોના ખત્મ થઈ જશે ત્યારે કિંમતની ફરીથી સમીક્ષા કરવામાં આવશે. રાજ્ય સરકારે તે સમયે કિંમતમાં વધારવા પાછળ રાજસ્વમાં નુકસાનનું કારણ આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે આસામ, પશ્ચિમ બંગાળ, કેરલ અને તામિલનાડુ એમ ચાર રાજ્યમાં ચૂંટણીઓ યોજાવાની છે. હાલમાં આસામમાં ભાજપની સરકાર છે. ચૂંટણી પંચ ૧૫ ફેબ્રુઆરી બાદ ક્યારે પણ આ ચાર રાજ્યોની ચૂંટણીની તારીખો જાહેર કરી શકે છે. જોકે એ પહેલા મતદારોને લોભાવવા માટેની હોડ શરુ થઈ ચુકી છે.

ચૂંટણીમાં પશ્ચિમ બંગાળમાં છ થી આઠ તબક્કામાં અને આસમમાં બે થી ત્રણ તબક્કામાં તેમજ તામિલનાડુ અને કેરલમાં એક જ તબક્કામાં મતદાન યોજવામાં આવે તેવી શક્યતા છે.

દરમિયાન આસામ અને પશ્ચિમ બંગાળમાં તો રાજકીય પક્ષોએ ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ઝંઝાવાતી પ્રચાર પણ શરુ કરી દીધો છે.

## દિલ્હીમાં ભાજપ યુવા મોરચાના કાર્યકરની લાકડી-ડંડા ફટકારી હત્યા

ન્યુ દિલ્હી,તા.૧૨

દિલ્હીના મંગોલપુરી વિસ્તારમાં બુધવારે મોડી રાતે ભાજપના યુવા મોરચાના એક કાર્યકરની લાકડી અને ડંડા વડે માર માર્યા બાદ ચપ્પાથી હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટના બાદ તે વિસ્તારમાં બે સમુદાયો વચ્ચે તણાવ વ્યાપી ગયો છે જેથી મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત કરવું પડ્યું છે. જાણવા મળ્યા મુજબ રામ મંદિર માટે ફાળો ઉઘરાવવાને લઈ વિવાદ થયો હતો અને બાદમાં હત્યા થઈ હતી.

જો કે, મૃતકના પરિવારજનોએ દશેરા વખતે રામમંદિર પાર્કમાં પ્રોગ્રામને લઈ બીજા સમુદાયના લોકો સાથે વિવાદ ચાલી રહ્યો હતો અને તેને લઈ યુવકની હત્યા થઈ હોવાનો આક્ષેપ કર્યો છે. યુવકના નાના ભાઈની ફરિયાદના આધારે કેસ નોંધીને પોલીસે ૪ આરોપીઓની ધરપકડ કરી છે.

મૃતકની ઓળખ રિંકૂ શર્મા (૨૫) તરીકે કરવામાં આવી છે. તે પોતાના માતા-પિતા અને બે નાના ભાઈઓ સાથે મંગોલપુરી બ્લોકમાં રહેતો હતો અને ખાનગી હોસ્પિટલમાં કામ કરતો હતો. મૃતકના ભાઈ મનુએ જણાવ્યું કે, તેમના ઘરથી થોડે દૂર રહેતા નસરૂદ્દીન, ઈસ્લામ, જાહિદ અને મેહતાબ સાથે તેમના પરિવારને દશેરા વખતે રામમંદિર પાર્કમાં પ્રોગ્રામને લઈ બબાલ થઈ હતી. ત્યાર બાદ તમામ આરોપીઓ તેમને જીવથી મારી નાખવાની ધમકી આપતા હતા. બુધવારે મોડી રાતે ચારેય આરોપી બીજા કેટલાક લોકોને સાથે લઈને રિંકૂના ઘરે આવ્યા હતા અને દશેરાની ઘટનાનો ઉલ્લેખ કરીને અપશબ્દો બોલવા લાગ્યા હતા. રિંકૂ અને મનુએ તેમનો વિરોધ કર્યો એટલે લાકડી વડે હુમલો કરી દીધો હતો અને બાદમાં ચપ્પાના ઘા મારીને રિંકૂની હત્યા કરી નાખી હતી.

## ગુલામ નબી આઝાદ બાદ મલ્લિકાર્જૂન ખડગે રાજ્યસભામાં વિપક્ષના નેતા બનશે

ન્યુ દિલ્હી,તા.૧૨

રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદનો કાર્યકાળ પુરો થયો છે. ત્યારબાદ હવે કોંગ્રેસે પાર્ટીના વરિષ્ઠ નેતા અને લોકસભામાં પણ કોંગ્રેસના નેતા રહી ચુકેલા મલ્લિકાર્જુન ખડગેને રાજ્યસભામાં વિપક્ષના નેતા બન્વાયા છે. સંગઠનની મહાસચિવ વેણુગોપાલે આ વાતની જાણકારી આપતા જણાવ્યું કે કંગ્રેસે રાજ્યસભાના સભાપતિ વૈંકયા નાયડૂને આ વિશે જાણકારી આપી છે કે ગુલામ નબીના નિવૃત થયા બાદ હવે મલ્લિકાર્જુન ખડગે પાર્ટી તરફથી વિપક્ષના નેતા હશે.

ઉલ્લેખનીય છે કે રાજ્યસભામાં વિપક્ષના ઉપ નેતા આનંદ શર્મા પણ એવું ઈચ્છતા હતા કે તેમને રાજ્યસભામાં વિપક્ષના નેતા બનાવવામાં આવે. પરંતુ હાલમાં જ સંગઠનને લઈને અનેક સવાલો ઉભા રતી સોનિયા ગાંધીની ચિઠ્ઠી બાદ પાર્ટીનું નેતૃત્વ તેમને આવી જવાબદારી આપવા બદલ ઉત્સાહિત નથી. તો આ તરફ મલ્લિકાર્જુન ખડગેને સોનિયા ગાંધીના નજીકના ગણવામાં આવે છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણમાં હાર છતા પાર્ટીએ તેમને રાજ્યસભામાં તક આપી છે.

રાજ્યસભામાં ૧૫ ફેબ્રુઆરી બાદ જમ્મુ કાશ્મીરના કોઇ પણ પ્રતિનિધિ નહીં હોય. વર્તમાન સમયે જમ્મુ કાશ્મીરની જ્યસભામાં ચાર સીટો હતી. પરંતુ કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદથી ત્યાં ચૂંટણી થઇ નથી. જેથી ત્યાંથા કોઇ નવું સભય પણ નથી આવંયું. ગુલામ નબી આઝાદને ફરીથી વિપક્ષના નેતા બનવાની તક મળી શકે છે, પરંતુ તેના માટે તેમને મહિના બાદ ફરી વખત કેરળની રાજ્યસભા સીટ પર જીતીને આવવું પડશે.

### દિલ્હીમાં પેટ્રોલનો ભાવ ૮૮.૧૪ની રેકોર્ડબ્રેક સપાટીએ પહોંચ્યો

## પેટ્રોલ-ડિઝલે તોડ્યા તમામ રેકોર્ડ: મુંબઈમાં ૯૪ રૂપિયાને પાર

ન્યુ દિલ્હી,તા.૧૨

પેટ્રોલ અને ડીઝલના ભાવે આજે સામાન્ય જનતાની મુશ્કેલીઓ વધારી દીધી છે. સરકારી ઓઈલ કંપનીઓએ આજે સતત ચોથા દિવસે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કર્યો છે. આ વધારાની બાદ ઈંધણના ભાવ દેશમાં અત્યાર સુધીના ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયા છે. દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલનો ભાવ ૮૮.૧૪ રૂપિયા અને ડીઝલનો ભાવ ૭૮.૩૮ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો. બીજી તરફ મુંબઈમાં ૯૪.૬૪ રૂપિયા લીટર તો ડીઝલ ૮૫.૩૨ રૂપિયા લીટર પર આવી ગયો છે.

મધ્ય પ્રદેશના ભોપાલ શહેરમાં પેટ્રોલનો ભાવ ૯૬ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયો. બીજી તરફ સરકારે પણ પેટ્રોલ-ડીઝલ પર ટેક્સ ઘટાડવાનો ઈન્કાર કરી દીધો છે. એવામાં આવનારા દિવસોમાં તેની કિંમતોમાં ઘટાડો થવાની શક્યતા નથી.પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રી ધમેન્દ્ર પ્રધાનએ રાજ્યસભામાં એક લેખિત જવાબમાં કહ્યું કે કેન્દ્ર સરકાર પેટ્રોલ અને ડીઝલ પર લાગતા ટેક્સમાં કોઈ ઘટોડો નહીં કરે. પેટ્રોલિયમ મંત્રીએ કહ્યું કે, સરકારની પાસે પેટ્રોલ અને ડીઝલ પર લાગનારા ટેક્સને ઘટાડવાનો હજુ કોઈ પ્રસ્તાવ નથી. તેઓએ કહ્યું કે પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સ વધારવો કે ઓછો કરવો સરકારની જરૂરિયાતો અને માર્કેટની સ્થિતિ જેવા અનેક પાસાઓ પર નિર્ભર કરે છે.

## ભારતે અત્યાર સુધી ૩૩૮ કરોડ રૂપિયાની કિંમતની કોરોના રસીની નિકાશ કરી: સરકાર

ન્યુ દિલ્હી,તા.૧૨

સરકારે શુક્રવારે જણાવ્યું કે ભારતે અત્યાર સુધી લગભગ ૩૩૮ કરોડ રૂપિયાની કિંમતની કોવિડ-૧૯ રસીની નિકાશ કરી છે, વેપાર અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે પ્રશ્ન કાળ દરમિયાન પુરક સવાલોનાં જવાબમાં રાજયસભાને જણાવ્યું કે ૮ ફેબ્રુઆરી સુધી ભારતે લગભગ ૩૩૮ કરોડ રૂપિયાનાં મુલ્યનાં કોવિડ-૧૯ રસીની નિકાશ કરી છે.

કેન્દ્રીય પ્રધાને કહ્યું કે નિકાશમાં મિત્ર દેશોને ભારતની માનવીય મદદ અને વેપારી નિકાશ પણ સામેલ છે, તેમણે કહ્યું કે રસીનાં ડોઝની નિકાશ જાન્યુઆરીમાં શરૂ કરી હતી, તેમણે કહ્યું કે ભારતે પહેલા રસીની સ્થાનિક જરૂરીયાતોને ધ્યાનમાં રાખી છે, અને તેના આધાર પર મિત્ર દેશોને રસી આપી રહ્યું છે.

## ઓવૈસીની પાર્ટી અલ્હાબાદ યુનિવર્સિટીમાં યોજાનાર ચૂંટણીમાં ઝંપલાવશે

અલીગઢ,તા.૧૨

મુસ્લિમ આગેવાન અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમ સ્ટુડન્ટ પોલિટિક્સમાં પણ ઝંપલાવશે. ઓવૈસીની પાર્ટીએ આ માટે યુપી પર પસંદગી ઉતારી છે.ઉલ્લેખનીય છે કે, દેશની ઘણી યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણીઓ યોજાતી હોય છે. આ ચૂંટણીમાં અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એબીવીપી તેમજ એનએસયુઆઈ ઝુકાવતી આવી છે. ડાબેરી પક્ષોના સ્ટુડન્ટ યુનિયન પણ સ્ટુડન્ટ પોલિટિક્સમાં સક્રિય છે.હવે ઓવૈસીની પાર્ટીએ અલ્હાબાદ યુનિવર્સિટીમાં યોજાનારી ચૂંટણી લડવાનુ નક્કી કર્યુ છે. યુવાઓ વચ્ચે પાર્ટીનો પ્રભાવ વધારવા માટે આ નિર્ણય લેવાયો હોવાનુ પાર્ટીના નેતાઓનુ કહેવુ છે. આ માટે એઆઈએમઆઈએમની સ્ટુડન્ટ વિંગ પણ બનાવાઈ છે અને અલ્હાબાદ યુનિવર્સિટીના વિદ્યાર્થીને તેનો પ્રમુખ પણ બનાવાયો છે.

## મિકેનિઝમ બનાવવા માટેની માંગ સુપ્રિમની ટ્વિટર,કેન્દ્ર સરકારને નોટિસ

ન્યુ દિલ્હી,તા.૧૨

ફેક ન્યુઝ, હેટ ન્યુઝ અને રાજદ્રોહ વાળી પોસ્ટ માટે મિકેનિઝમ બનાવવા માટેની માંગ પર સુપ્રીમ કોર્ટે ટ્વિટર તેમજ કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી છે. આ મામલાને અન્ય એક અરજી સાથે તોડવામાં આવ્યો છે. વાસ્તવમાં ટ્વિટર પર નજર રાખવા માટે સુપ્રીમ કોર્ટે મે ૨૦૨૦માં એક અરજી દાખલ કરી હતી. જાહેર હિતની અરતીમાં ટ્વિટરની સામગ્રીને ચેક કરવા માટે મિકેનિઝમ ઘડવાની માંગ કરવામાં આવી છે.અરજીમાં જણાવાયું છે કે બોગસ એકાઉન્ટથી ફેક ન્યુઝ અને ભડકાઉ સંદેશ દ્વારા સમાજમાં નફરત ફેલાવવામાં આવી રહી છે. આ અરજી ભાજપના નેતા વિનીત ગોયક્રાએ દાખલ કરી છે. અરજદારે જણાવ્યું છે કે પ્રખ્યાત અને સન્માનનીય લોકોના નામ પર હજારો બોગસ ટ્વિટર હેન્ડલ તેમજ બોગસ ફેસબુક એકાઉન્ટ છે. આ એકાઉન્ટર મારફતે બંધારણીય અધિકારીઓ અને જાણીતા નાગરિકોની અસલ તસવીરોનો ઉપયોગ કરવામાં આવે છે. આ જ કારણસર સામાન્ય વ્યક્તિ આવા ટ્વિટર હેન્ડલ અને ફેસબુક એકાઉન્ટ દ્વારા અપાતા સંદેશ પર વિશ્વાર કરી બેસે છે.બોગસ એકાઉન્ટનો ઉપયોગ જાતિવાદ અને હિંસા ભડકાવવા માટે કરાય છે જે દેશની એકતા માટે ખતરારૂપ છે.

## ICICI-વિડિયોકોન કેસ: દેશ ન છોડવાની શરતે ચંદા કોચરને મળ્યા જામીન

મુંબઇ,તા.૧૨

આઈસીઆઈસીઆઈ બેક્ર અને વીડિયોકોન ગ્રૂપના કેસમાં આ ખાનગી બેક્રના પૂર્વ એમડી અને સીઈઓ ચંદા કોચરને આજે આખરે કોર્ટ તરફથી જામીન મળી ગઇ છે. આઇસીઆઇસીઆઇ બેક્રના પૂર્વ એમડી વિરુદ્ધ નિયમોનો ભંગ કરી વિડિયોકોન ગ્રૂપને જંગી લોનની ફાળવણી કરવા અને મની લોન્ડરિંગનો કેસ ચાલી રહ્યો છે. આજે સ્પેશિયલ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ કોર્ટે ચંદા કોચરના જામીન મંજૂર થયા છે. જો કે અદાલતે ચંદા કોચરને ૫ લાખ ગ્રૂપના બોન્ડ પર જામીન આપ્યાછે તે ઉપરાંત કડક આદેશ આપ્યો છે કે તેઓ કોર્ટની મંજૂરી વગર દેશમાંથી બહાર જઇ શકશે નહીં.

આઇસીઆઇસીઆઇ-વિડિયોકોન લોન કેસમાં ચંદા કોચર આજે મુંબઇ પીએમએલએ કોર્ટ સમક્ષ હાજર થયા હતા. ચાલુ મહિનાની શરૂઆતમાં એક સ્પેશિયલ પીએમએલએ કોર્ટે કહ્યુ હતુ કે ઇડી તરફથી રજૂ કરાયેલા પૂરાવાઓ અને અન્ય લોકોની વિરુદ્ધ મની લોન્ડરિંગની તપાસ શરૂ કરવા માટે પુરતા છે.

ગત ૩૦ જાન્યુઆરીના રોજ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની વિશેષ અદાલતે ચંદા કોચર, તેમના પતિ દિપક કોચર અને વિડિયોકોન ગ્રૂપના પ્રમોટર વેણુગોપાલ ધ્રૂત સહિત અન્ય કેટલાંક લોકોને સમન્સ મોકલ્યા હતા.વિશેષ પીએમએલએ કોર્ટના ન્યાયાધીશ એએ નંદગાંવકરે કહ્યુ કે, પીએમએલએ હેઠળ નોંધાયેલા નિવેદનો અને લેખિત ફરિયાદોથી જાણકારી મળે છે કે ચંદા કોચરે પોતાના ઓફિસરના હોદ્દાનો ખોટો ઉપયોગ કરીને ધ્રૂપ અને તેમની વિડિયોકોન ગ્રૂપને લોન આપી હતી. ન્યાયાધીશે વધુમાં જણાવ્યુ કે, ચંદા કોચરે પોતાના પતિની કંપનીઓ મારફતે ખોટી રીતે નાણાંની હેરાફેરી એટલે કે મની લોન્ડરિંગનો પણ લાભ મેળવ્યો છે. વિશેષ કોર્ટે એવું પણ કહ્યુ કે, ઇડીએ જે પુરાવાઓ એકઠાં કર્યા છે તેની વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ ચલાવવા માટે પુરતા છે. તમામ આરોપીઓને ૧૨ ફેબ્રુઆરીના રોજ કોર્ટ સમક્ષ હાજર થવા નિર્દેશ કરાયો હતો.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૨૬૮

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૪૭૧૮

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૮૧

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૮૬૫૧

## તંત્રી સ્થાનેથી...

# નવા કૃષિ કાનુનને વૈકલ્પિક કહીને મોદીજીએ વિપક્ષોને વિચારતા કરી મૂક્યા.....!

દેશમાંથી કોરોના ખતમ થવા તરફ જઈ રહ્યો છે. બીજી તરફ દેશભરમાં કોરોના રસી આપવાનું અભિયાન પણ જોરશોરથી ચાલી રહ્યું છે. આવા સમયમાં ભારતની કોરોના રસીની સફળતા જોઈને વિશ્વના અનેક દેશોએ રસી મેળવવા લાઈન લગાવી દીધી છે. ત્યારે ડબલ્યુએચઓ એ પણ ભારતની રસીને ઈમરજન્સી ઉપયોગ કરવા વૈશ્વિક સ્તરની જાહેરાત કરતા ભારત વિશ્વમાં છવાઈ ગયું છે. ભારતમાં લોકોને કોરોના રહું આપવામાં ટૂંકા સમયમાં ઝડપથી મોટા પ્રમાણમા રસીકરણ કરી વિશ્વમાં પ્રથમ ક્રમે આવી ગયું છે.અને વિશ્વભરના દેશો પણ ભારતની રસી પર વિશ્વાસ કરી રહ્યા છે્ એટલે સ્વાભાવિક છે કે મોદી સરકારની કોરોના ચિંતા નહીંવત્ બની રહી છે. જ્યારે કે દેશની રાજધાની દિલ્હી ખાતે નવા કૃષિ કાનુન રદ કરવા અને એમએસપી કાનુન બનાવવા ખેડૂત આંદોલન ચાલી રહ્યું છે હવે તેમાં વિપક્ષોએ સમર્થન આપવા સાથે ખેડૂતોની લડતમાં જોડાઈ જઈને તેના પડઘા સંસદમાં પાડ્યા છે. ત્યારે વડાપ્રધાન મોદીએ સંસદમાં નવા કૃષિ કાનુન અંગે બોલતા કહ્યું કે કૃષિ કાયદા વૈકલ્પીક કાયદા છે નવા કૃષિ કાનુન લાવવા હાલના કાયદાઓ રદ કરવાની કોઈ જોગવાઈ દૂર કરી નથી... મોદીજીની આ વાતથી વિરોધ પક્ષો માથું ખંજવાળતા થઈ ગયા છે. તેમજ મોદીજીની આ વાતનો શું અર્થ કાઢવો તેવો સવાલ પણ પેદા થઈ ગયો છે. તેઓની વાતનો અર્થ નવા પ્રકારનું કે જુના કાયદા પૈકીમાંથી કોઈ એકનો અમલ કરવો એવો થાય છે. જો કે એમએસપી બાબતે મોદીજીની વાત સાચી માની શકાય....પરંતુ અન્ય જોગવાઈ બાબતે મોદીજીએ કે તેમની સરકારે કોઈપણ વાત કરી નથી....! જ્યારે કે જરૂરી કાયદા છે તે અંગે કોઈ વાત કરતા નથી. જેને કારણે રાજકીય માંધાતાઓને પણ વિચાર કરતા મૂકી દીધા છે.....!!

મોદીજીની વાત પર ભાજપ કે તેના રાજનેતાઓની ધારણા હોઈ શકે કે ખેડૂતો તેમની વાત માની જશે.. પરંતુ તે કદાચ તેમની ભૂલ છે....! કારણ કે ખેડૂત નેતાઓ ભાજપના રાજનેતાઓની વાતનો ગુઢાર્થ સમજી જાય છે અને સમજી ગયા છે.... એટલા માટે જ ખેડૂતોના મહા ગઠબંધને એક જ વાત પકડી રાખી છે કે નવા કૃષિ કાનુનો રદ કરો અને એમએસપી કાયદો બનાવો કારણ કે નવા કાનુન અમલમાં આવી જાય તો નાના ખેડૂતોના ખાતમો બોલી જાય,કૃષિ ઉત્પાદનોનો વેપાર કરતા નાના દુકાનદારો પણ પૂરા થઈ જાય છે મોટા ધંધાદારીઓ પાસે કૃષિ ઉત્પાદનો જતા રહે તે સાથે કૃષિ ઉત્પાદનના ફાવે તેવા ભાવ વસુલી શકે. અમેરિકા તેનો જીવતો જાગતો પુરાવો છે કે જ્યા એક જ વ્યક્તિ કરોડો એકર કૃષિ જમીનનો માલિક બની ગયો છે.આવા ઉદાહરણો ખેડૂત સંમેલનો,ખેડૂત મહા પંચાયતોમાં આપવામાં આવી રહ્યા છે. ખેડૂત આંદોલન પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ સુધી ફેલાઈ ગયું છે. તો રાજસ્થાન પણ એજ માર્ગે છે. જ્યારે કે અન્ય રાજ્યોમાં વધતી ઓછી અસર છે. ત્યારે હવે સરકારે દોરીમાં ઢીલ મૂકી નવા કૃષિ કાનુનનો અમલ જ નહીં કરવાનો અને કૃષિ વિષયક બંધારણ અનુસાર રાજ્યોને સોંપી દેવું જોઈએ જે મોદી સરકાર માટેની મોટી સફળતા બની શકે તેમ રાજકિય વિશ્લેષકોનું માનવું છે.....!



રાષ્ટ્રપતિભવનનું મોગલ ગાર્ડન ૧૩મી ફેબ્રુઆરીએ સામાન્ય જનતા માટે ખૂલ્લું મુકાય તે પહેલાં આ બગીચામાં ખીલેલા વિવિધ ફૂલોનો નજારો.

# અરવલ્લી : બાંધકામ મટીરીયલમાં ભાવ વધારો થતા બિલ્ડરો હડતાલ પર, ક્રેડાઈ અરવલ્લીએ કલેકટરને આવેદનપત્ર આપ્યું



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાની મહામારીના કારણે ભારત સહિત સમગ્ર વિશ્વના અર્થતંત્ર પર માઠી અસરો થવા પામી છે. બરાબર ત્યારે જ સીમેન્ટ અને સ્ટીલ કંપનીઓ દ્વારા કાર્ટેલ કરી સીમેન્ટ અને સ્ટીલના ભાવમાં ઝીકાયેલા તોતીંગ વધારાને પગલે બાંધકામ ઉદ્યોગને મરણતોલ ફટકો પડેલ છે.

સીમેન્ટ અને સ્ટીલ કંપનીઓના આ ભાવ વધારા સામે બિલ્ડર એસો.એ બાયો ચડાવી છે રાજ્ય સહીત અરવલ્લી જીલ્લામાં ક્રેડાઈ અરવલ્લીએ એક દિવસની હડતાલ પાડી જીલ્લા કલેક્ટરને આવેદપત્ર આપ્યું હતું અને

છેલ્લાં ૬ માસમાં બાંધકામ મટીરિયલમાં ૧૫ થી ૨૦ ટકા જેટલો ભાવ વધારો થતાં બિલ્ડર્સ એસોસિએશનમાં રોષ વ્યાપી ગયો છે.

ક્રેડાઈ અરવલ્લીના પ્રેસિડેન્ટ કમલેશ પટેલ,ચેરમેન જીતુ પટેલ,સેક્રેટરી હરેશ પટેલ,યુથ પ્રેસિડેન્ટ નિકુલ પટેલ,ક્રેડાઈ મોડાસાના પ્રેસીડેન્ટ દિલીપ પટેલ અને બિલ્ડર્સ એસો.ના સદસ્યોએ જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને આવેદનપત્ર આપી સીમેન્ટ સહીત બીલ્ડર માટેરિયલ્સમાં ભાવ વધારો પરત લેવામાં આવેની માંગ કરી હતી

બિલ્ડર એસો.ના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે સીમેન્ટ અને સ્ટીલ કંપનીઓ દ્વારા સીમેન્ટ અને સ્ટીલના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો ભાવ વધારો ઝીકી દેવામાં આવેલ છે. સીમેન્ટની થેલી ૨૬૫માં મળતી હતી જે આજે ૩૫૦ રૂપિયામાં મળે છે. જેના કારણે મકાનોની કિંમત ૨૦ ટકા વધારો કરવો પડે તેવા સંજોગોનું નિર્માણ થયેલ છે. જયારે બીજી તરફ જીએસટીનો ૨૮ ટકાનો દર યથાવત રાખવામાં આવેલ છે. કોરોના કાળમાં ઈન્ડસ્ટ્રીઝોને વ્યાજ રહિત લોન સહિતના લાભ આપવામાં આવેલ છે.

જયારે રીયલ એસ્ટેટ ઉદ્યોગને કોઈપણ જાતનો લાભ આપવામાં આવેલ નથી. આ સંજોગોમાં સીમેન્ટ અને સ્ટીલ કંપનીઓના ભાવ વધારા સામે લડતના મંડાણ કરાયેલ છે આજે અરવલ્લી જિલ્લા સહિત રાજયભરમાં તમામ બાંધકામ સાઈટો પર હડતાલ પાડી વિરોધ નોંધાવ્યો છે બિલ્ડર એસો.ના હોદ્દેદારોએ જણાવેલ હતું કે કોવિડ-૧૯ મહામારીના કારણે સમગ્ર વિશ્વના અર્થતંત્ર ઉપર માઠી અસરો થવા પામી છે.

જેને રીવાઈવ કરવા કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અનેક પ્રકારની યોજનાઓ અમલી બનાવેલ છે. ઘણો લાંબો સમય વ્યતીત થયેલ હોવા છતાં હજુ પણ પરિસ્થિતિમાં સંપૂર્ણપણે સુધારો થયેલ નથી. આવા સંજોગોમાં પરિસ્થિતિમાં નિયંત્રણ આવે અને ધંધા રોજગાર પુનઃ પૂર્વવત બને તે આવશ્યક છે. દેશમાં ઈન્ફ્રાસ્ટ્રકચર વધુ સુદ્રઢ બને તે માટે કેન્દ્ર સરકારએ ઈન્ફ્રાસ્ટ્રકચરને ઉદ્યોગનો દરજ્જો આપેલ છે.

હાઉસીંગ ફોર ઓલ અંતર્ગત સરકારએ ૨૦૨૨ સુધીમાં સૌને આવાસની સુવિધા મળી રહે તેવા લક્ષ્યાંકો પણ નિર્ધારિલ છે. ભારત વિકસીત દેશોની હરોળમાં આવતું હોઈ ઈન્ફ્રાસ્ટ્રકચર અને આવાસ નિર્માણ કાર્યો માટે મહતમ સીમેન્ટ અને સ્ટીલની જરૂરીયાત પડી રહેલ છે. કેમ કે, દેશમાં તેના કુલ ઉત્પાદન પૈકી આવાસ નિર્માણ અને ઈન્ફ્રાસ્ટ્રકચર સેકટરમાં આશરે ૮૦ ટકા સીમેન્ટ અને સ્ટીલનો વપરાશ થાય છે.

ગત માર્ચથી કોવિડ મહામારીના કારણે દેશમાં સંપૂર્ણ લોકડાઉનની પરિસ્થિતિ હોવાથી તમામ પ્રકારના નિર્માણ કાર્યો સ્થગિત હતા જે હજુ પણ સંપૂર્ણ રીતે ચાલુ થઈ શકયા નથી અને એક્ષપોર્ટ પણ બંધ હતું. તેમ છતાં કંપની પાસે રહેલ સ્ટોકનો ઉપયોગ માટે પ્રવર્તમાન સમયમાં કાર્ટેલ કરી ભાવમાં અસહ્ય વધારો કરેલ છે અને શોર્ટ સપ્લાયની નીતિ અખત્યાર કરેલ છે જેના પરિણામે પ્રોજેકટની કોસ્ટમાં અતિશય વધારો થઈ રહેલ છે અને રો-મટીરીયલ્સ સમયસર ના મળવાને લીધેલ પ્રોજેકટ કમ્પલીશનમાં વિલંબ થઈ રહેલ છે જે દેશના વિકાસહિતના વિરૂદ્ધ છે.

સીમેન્ટ અને સ્ટીલ કંપનીઓ દ્વારા અવારનવાર આ રીતે કાર્ટેલ કે શોર્ટ સપ્લાયના નામે કૃત્રિમ રીતે ભાવવધારો કરી સમગ્ર ઈન્ડસ્ટ્રીને બાનમાં લેવાની જે પદ્ધતિ અખત્યાર કરેલ છે તે તદ્દન ખોટી છે અને આ બાબતે અગાઉ પણ સીમેન્ટ કંપનીઓને મોટી રકમનો દંડ થયેલ છે. જેથી કંપનીઓની આવી ખોટી નફાખોરીની કામગીરી ઉપર નિયંત્રણ લાવવાની તાતી જરૂરીયાત છે અન્યથા વિકાસને ગંભીર અસરો થશે અને આવાસ ખરીદનારને સરવાળે ૧૦થી ૧૫ ટકા મકાનો મોંઘા પડશે.

તેમાં કોઈ બેમત નથી. આ પ્રકારે કંપનીઓ દ્વારા અખત્યાર કરવામાં આવતી કાર્ય શૈલી કોઈપણ રીતે ઉચિત નથી. બાંધકામ ઉદ્યોગમાં વપરાતી સીમેન્ટમાં ભાવ વધારાની અસર ફકત બાંધકામ વ્યવસાયકારો ઉપર નથી પડતી પરંતુ સરકારના પ્રોજેકટો ઉપર પણ ગંભીર અસર થાય છે તેથી સરકારને પણ તેના પ્રમાણમાં આવા કૃત્રિમ ભાવ વધારાની અસર થાય છે.

શેરબજાર માટે સેબી, ટેલીકોમ માટે ટ્રાય, વીમા કંપનીઓ માટે આઈઆરડીએઆઈ, રીયલ એસ્ટેટ માટે રેરા ઓથોરીટીની રચના કરવામાં આવી છે તેવી જ રીતે સીમેન્ટ ઉદ્યોગને નિયંત્રીત કરવા માટે સીમેન્ટ અને સ્ટીલ અને રેગ્યુલેટરીની રચના કરવામાં આવે તે અત્યંત આવશ્યક છે. વધુમાં સીમેન્ટ અને સ્ટીલ કંપનીઓ દ્વારા અકારણે જે કૃત્રિમ ભાવ વધારો કરવામાં આવેલ છે તે તાત્કાલીક અસરથી પાછો ખેંચવામાં આવે અને ઉભી કરેલી શોર્ટ સપ્લાય તાકીદે દુર કરવામાં આવે તેમ તેઓએ માંગ ઉઠાવી છે.

# અમેરિકાના ટેક્સાસમાં હાઈવે પર એક સાથે ૧૦૦થી વધુ વાહનો અથડાયા, ૬નાં મોત

ટેક્સાસ,તા.૧૨

અમેરિકાના ટેક્સાસમાં એક હાઈવે પર ભયાનક દુર્ઘટના ઘટી. અહીં વરસાદના કારણે રસ્તા પર ઓછામાં ઓછા ૧૦૦ વાહનોનો એકસાથે અકસ્માત થઈ ગયો. આ ઘટનામાં ઓછામાં ઓચા ૬ લોકોના મોત થઈ ગયા અને ડઝનથી વધારે લોકો ઈજાગ્રસ્ત હોવાનું કહેવાઈ રહ્યું છે. આ દુર્ઘટના ગુરુવારે સવારે ફોર્ટ વર્થમાં ઈન્ટરેસ્ટ ૩૫ વેસ્ટ પર બની જ્યાં સતત વરસાદ પડી રહ્યો હતો અને ઠંડીના કારણે રોડ પર પાણી બરફની જેમ જમી જતા હાઈવે લપસણો બની ગયો હતો એવામાં લોકોનું ટ્રાવેલ કરવું ખતરનાક બની ગયું હતું. આશંકા દર્શાવાઈ રહી છે કે મૃતકોની સંખ્યા વધી શકે છે.ફોર્ટ વર્થ ફાયર ડિપાર્ટમેન્ટમાં દુર્ઘટનાથી મોટી સંખ્યામાં લોકોના ઈજાગ્રસ્ત થવાની વાત સામે આવી રહી છે. જાણકારી મુજબ, દુર્ઘટના સ્થળ પર જ્યારે સ્થાનિક લોકો પહોંચ્યો તો ઈજાગ્રસ્ત લોકોને બહાર કાઢવા તેમની પહોંચની બહાર થઈ ગયું હતું. રસ્તો એટલો વધારે લપસણો હતો કે તેઓ લોકોને બહાર નહોતા કાઢી શકતા. બાદમાં રાહત અને બચાવકાર્ય માટે હાઈવેને બંધ કરી દેવામાં આવ્યો. અહીં તાપમાનનો પારો એટલો નીચે હતો કે ફસાયેલા લોકોને જલ્દીથી જલ્દી વાહનોમાંથી બહાર કાઢવા જરૂરી હતી.સ્થાનિક મીડિયા મુજબ, ઓછામાં ઓછા ૧૦૦ વાહનોનો અકસ્માત થયો છે. જેમાં ઘણા બધા સેમી-ટ્રેક્ટર ટ્રેલર હતા.

પોલીસ મુજબ, ફોર્ટ વર્થના રિવરસાઈડ કોમ્યુનિટી સેન્ટરમાં એક રીયુનિફિકેશન મીટિંગ પોઈન્ટ શરૂ કરાઈ છે. દુર્ઘટનાની તસવીરોમાં જોઈ શકાય છે કે એક બાદ એક વાહનો ઉપર ચઢી ગયા છે. દુર્ઘટનાની ગંભીરતનો અંદાજ આ વાતથી લગાવી શકાય છે કે ઘણી ગાડીઓની ટક્કર સામ સામે થઈ હતી, એટલે કે વાહનો લપસીને સંપૂર્ણ રીતે ફરી ગયા હતા.ઘટનાસ્થળની પાછળ ટ્રાફિક ૮ માઈલ સુધી વધારે જામ થઈ ગયો. પ્રશાસને વાહનોની બીજા રસ્તે ડાઈવર્ટ કર્યા. કહેવામાં આવી રહ્યું છે કે દુર્ઘટના સમયે વરસાદ થઈ રહ્યો હતો પરંતુ તપમાન ખૂબ ઓછું હતું અને વરસાદનું રસ્તા પર જમીને બરફ બની જતા હાઈવે લપસણો થઈ ગયો હતો.

## રાજ્યસભામાં નાણાંમંત્રીએ બજેટને આત્મનિર્ભર ભારત બજેટ ગણાવ્યું

# સરકારી યોજનાઓ ગરીબો માટે જ છે, જમાઈ માટે નથી: નિર્મલાનો કોંગ્રેસને ટોણો

ન્યુ દિલ્હી,તા.૧૨

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ગુરુવારે રાજ્યસભામાં બજેટ પર ચર્ચાનો જવાબ આપ્યો. આ દરમિયાન બજેટની વિશેષતા ગણાવવાની સાથે જ નાણાં મંત્રીએ વિપક્ષ પર પણ નિશાન સાધ્યું. તેમણે જમાઈ શબ્દનો ઉપયોગ કરીને કોંગ્રેસ પર કટાક્ષ કર્યો. તેની પર વિપક્ષે વાધો વ્યક્ત કર્યો તો નાણાં મંત્રીએ સ્પષ્ટતા કરવી પડી.ક્રોની કેપિટલિસ્ટ માટે કામ કરવાના આરોપ પર નાણાં મંત્રીએ કહ્યું કે ઓગસ્ટ ૨૦૧૬થી જાન્યુઆરી ૨૦૨૦ની વચ્ચે UPI દ્વારા થતા ડિજિટલ ટ્રાન્ઝેક્શનની સંખ્યા ૩.૬ લાખ કરોડથી વધુ થઈ ગઈ છે. નાણાં મંત્રીએ સવાલ કરતા કહ્યું કે UPIનો ઉપયોગ કોણે કર્યો ? શું અમીરોએ કર્યો ? ના. મિડલ કલાસ અને નાના કારોબારીઓએ કર્યો. ત્યારે આ લોકો કોણ છે ? શું સરકાર અમીરોને ફાયદો પહોંચાડવા માટે યુપીઆઈ ક્રિએટ કરી રહી છે ? શું કેટલાક જમાઈ માટે ? ના.નાણાં મંત્રીએ આગળ કહ્યું કે મુદ્રા યોજના અંતર્ગત ૨૭ હજાર કરોડથી વધુ લોન આપવામાં આવી છે. આ યોજનાનો ફાયદો કોણે લીધો ? શું જમાઈએ ? નાણાં મંત્રીની આ કમેન્ટ પર વિપક્ષે વાધો વ્યક્ત કર્યો તો તેમણે સ્પષ્ટતા કરી. નાણાં મંત્રીએ કહ્યું કે મને લાગતુ નથી કે જમાઈ કોંગ્રેસનો ટ્રેડમાર્ક છે. જમાઈ દરેક ઘરમાં હોય છે, જોકે કોંગ્રેસમાં આ એક સ્પેશિયલ નામ છે.સીતારમણે કહ્યું કે ગરીબો માટે અમે જે કરી રહ્યાં છે અને જરૂરિયાતમંદો માટે જે પગલા ભરવામાં આવી રહ્યાં છે, તેના વિરોધમાં વિપક્ષના કેટલાક લોકોને આરોપ લગાવવાની આદત થઈ ગઈ છે. એવા પ્રકારની જુઠ્ઠી વાતો ફેલાવવામાં આવી રહી છે કે સરકાર માત્ર નજીકના દોસ્તો માટે કામ કરી રહી છે. એ મહત્ત્વની વાત છે કે ૮૦ કરોડ લોકોને અનાજ ફ્રી આપવામાં આવ્યું. ૮ કરોડ લોકોને રસોઈ ગેસ ફ્રીમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.



# મોડાસા:વોર્ડ.નં-૩ અને ૫ માં ભાજપે ઉમેદવારો જાહેર કરતા આયાતી ઉમેદવારોનો વિરોધ,વોર્ડ.નં-૪ માં ભરત કડિયાની અપક્ષ ઉમેદવારી



અરવલ્લી બ્યુરો મોડાસા

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓને પગલે અરવલ્લી જીલ્લામાં રાજકીય ગરમાવો આવી ગયો છે મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ.નં-૧ થી વોર્ડ.નં-૫ બેઠકો ભાજપની સલામત બેઠક ગણાય છે ભાજપ સાથે સંકળાયેલ અગ્રણીઓ અને કાર્યકરો પણ આ બેઠક પરથી ચૂંટણી લડવા ટીકીટ મેળવવા એડી ચોટીનું જોર લગાવતા હોય છે ગુરુવારે ભાજપે વોર્ડ.૧ થી વોર્ડ.નં-૫ બેઠકો પર ઉમેદવારો જાહેર કરતાની સાથે વોર્ડ.નં-૫ અને વોર્ડ.નં-૩ માં જાહેર કરેલ કેટલાક ઉમેદવારો સામે સ્થાનિક ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોમાં રોષ ઉઠયો છે.વોર્ડ.નં-૫ અને ૩ માં પક્ષનો બહિષ્કાર કરવાની ચીમકી સ્થાનિકોએ રોષભેર ઉચ્ચારી હતી બીજીબાજુ વોર્ડ.નં-૪ માં ભાજપમાંથી ટીકીટની દાવેદારી કરનાર કડિયા સમાજના અગ્રણી,સમાજસેવી અને પીઢ પત્રકાર ભરત કડિયાને ભાજપે ટીકીટ ન આપતા તેમના ટેકેદારો સાથે મોડાસામાં આવેલ સોમનાથ મહાદેવ મંદિરમાં દર્શન કર્યા બાદ મોટી સંખ્યામાં લોકો સાથે કલેકટર કચેરીએ પહોંચી અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવતા ભાજપ અને અપક્ષ ઉમેદવાર વચ્ચે કાંટે કી ટક્કર જામશે મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં અપક્ષનો રાફડો ફાટ્યો હોય તેવી સ્થિતીની નિર્માણ થયું છે મોડાસા નગરપાલિકામાં વોર્ડ.નં-૪ માંથી ઉમેદવારી નોંધાવનાર ભરત કાડિયાએ ભાજપની ટીકીટ વહેંચણીમાં વિકાસના નામે નહીં પણ નાતી-જાતિની નિતી અપનાવવામાં આવી હોવાનું અને ટિકિટો ટિકિટોની વહેંચણી નહીં પણ વેચવામાં આવી હોવાનો આક્ષેપ કરી કાબેલીયત નહીં પણ લાગવગ જોવામાં આવી રહી છે અને તેમનો ભવ્ય વિજય થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો

મોડાસા નગરપાલિકામાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપા સત્તાધીશ પાર્ટી રહી છે.પરંતુ આ વખતની ચૂંટણીમાં નો રિપીટ થીયેરી,વયમર્યાદા અને ભાજપના અગ્રણીઓએ ટીકીટ ફાળવણીમાં તેમના નજીકના ટેકેદારો કે તેમના સગા-સબંધીને ટીકીટ આપી હોવાના સુર વચ્ચે રાજકીય ઠેર ઠેર છુપો કકળાટ વર્તાયો હતો.જયારે વોર્ડ નં.૫ અને વોર્ડ.નં-૩ માં તો આખરે અસંતોષ ભભૂકી ઉઠયો હતો અને વોર્ડ બહારના ઉમેદવારની પસંદગી સામે દેખાવો યોજાયા હતા.મોડાસાના સર્વોદય નગર વિસ્તાર અને ભાવસારવાડા વિસ્તારમાં રોષ ભરાયેલા રહીશો એકઠા થયા હતા. અને આયાતી ઉમેદવાર ની પસંદગી ને રોષભેર વખોડી નખાઈ હતી.પક્ષ નો જ બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચરતા ભાજપ ડેમેજ કંટ્રોલ કરવાની મથામણમાં લાગી ગયું છે



વિશ્લેષકોમાં મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોની પસંદગી ને લઈ કાચું કપાયું હોય તેવું માની રહ્યા છે ભાજપાના જ સંખ્યાબંધ કાર્યકરોમાં નારાજગી છવાઈ છે.ગુરૂવારે અમાસના દિવસે ભાજપા દ્વારા નગરપાલિકા ના ૨૦ ઉમેદવારોની યાદી જાહેર કરાતાં જ

ગુરુવારે સાંજે મોડાસાના ભાવસારવાડામાં વોર્ડ.નં-૫ માં અને શુક્રવારે વોર્ડ.નં-૩ માં નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપમાંથી દાવેદારી કરનાર સ્થાનીકોએ ચૂંટણીમાં પક્ષાનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી

# અરવલ્લી : શું તમે મોડીફાઈ બુલેટ ચલાવો છો? પોલીસે ૫ થી વધુ બૂલેટ જપ્ત કર્યા, બુલેટરાજાઓની 'શાન' લાવી ઠેકાણે,ટ્રાફિક પોલીસનો સપાટો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં મોડાસા શહેર સહીત જીલ્લામાં મોડીફાઈડ બુલેટ ચલાવતા બુલેટરાજાઓ પર તવાઈ બોલાવવાની શરૂ કરી છે બુલેટને મોડીફાઇ કરી અને તેના સાઈલેન્સરને પણ મોડીફાઇડ કરી ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા બુલેટરાજાઓની શાન ઠેકાણે લાવવા પોલીસે વિશેષ અભીયાન હાથધરી ૫ થી વધુ બુલેટ ડિટેઇન કરી તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરી હતી.અને ધ્વનિ પ્રદૂષણ સહિત અન્ય નિયમનો ભંગ કરવા બદલ તેમની પાસેથી દંડ વસૂલવા માટે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી



છેલ્લા કેટલાક સમયથી યુવાવર્ગમાં બુલેટનો ક્રેઝ વધી રહ્યો છે. અને બુલેટ મોડીફાઇ કરી અને તેના સાઈલેન્સરને પણ પણ મોડીફાઇ કરી અને જાહેર રસ્તા ઉપર પૂર ઝડપે બુલેટ ચલાવી અને લોકોનું ધ્યાન આકર્ષિત કરવાનું એક ખોટું ચલણ ચાલી રહ્યું છે.વાહનવ્યવહાર મંત્રીએ બુલેટ પર રોફ જમાવતાં યુવકોની હરકતો અંગે સરકારનું ગંભીર ધ્યાન દોર્યું હતું. ત્યારબાદ સરકાર એક્શનમાં આવી ગઈ હતી અને તંત્રને આવા યુવકો વિરુદ્ધ કાર્યવાહી કરવા તંત્રને આદેશ આપ્યા હતા. અરવલ્લી પોલીસે ૫ થી વધુ બુલેટ ડિટેઈન કર્યા હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી મોડાસા શહેર સહીત જીલ્લાભરના માર્ગો પર ધૂમ સ્ટાઈલ બુલેટ હંકારી આજકાલ બુલેટ લઈને પોતાની જાતિગત ઈમેજ ઉભી કરવાનો પ્રયાસ કરતા અન્ય લોકોનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય તેવા મલીન ઈરાદાથી ફૂલ સ્પીડમાં નીકળતા દ્રશ્યો જોવા મળવા સામાન્ય બની રહ્યા છે

INBOX :- મોડીફાય બુલેટના અવાજ નિષ્ણાત તબીબો,અને શહેરીજનો શું કહે છે

મોડીફાય બુલેટના અવાજ અંગે નિષ્ણાત તબીબોએ જણાવ્યું હતું કે બુલેટના સાઈલેન્સરનો અવાજ એટલો વિસ્ફોટક અને ભયાનક હોય છે કે નાના બાળકોના કાનને કાયમી બહેરાશ આવવાનો ભય રહે છે. એટલું જ નહી આજુબાજુમાં વાહન ચલાવતી વ્યક્તિનું પણ ધ્યાન ડ્રાઈવિંગથી હટીને અકસ્માત થવાની દહેશત રહે છે. આથી આ પ્રકારના બુલેટ ઉપર થતાં અવાજના ન્યુસન્સને બંધ કરાવવા તેમજ આવા બુલેટ લઈને નીકળતી વ્યક્તિઓ સામે ફોજદારી તેમજ દંડનીય કામગીરી કરવામાં આવેની જાગૃત નાગરિકોમાં માંગ પ્રબળ બની છે

# સૌપ્રથમ અમદાવાદથી માઉન્ટ આબુ સુધીની દિવ્યાંગ બાઈક રેલીનું આયોજન




સાઈકા મોબીલિટી હબ જે છેલ્લા ૨૫ વર્ષથી દિવ્યાંગો દ્વારા દિવ્યાંગોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત સંસ્થા છે.આ સંસ્થાના સંચાલકો શ્રી સમીર એસ.કક્કડ, રણજીત ગોહિલ, જાગૃતિ પટેલ અને સંસ્થાના અન્ય મેમ્બરો દ્વારા ભારતની સૌપ્રથમ અમદાવાદથી માઉન્ટ આબુ સુધીની દિવ્યાંગ બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ છે. આ રાઈડનું આયોજન માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે દ્વારા શરૂ કરવામાં આવેલ સુગમ્ય ભારત અભિયાનને અનુલક્ષીને કરવામાં આવેલ છે.અખિલ હિન્દુસ્તાની વિકલાંગ સંગઠન , અંધજન મંડળ,બંકીમ પાઠક,લાયન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુર,પ્રાજા ઈવેન્ટ અને ફાઈટ ફોર નેચર રાજસ્થાન જેવી સેવાભાવી સંસ્થાઓના સહયોગથી આયોજિત આ રેલી દ્વારા સ્થપાનાર રેકોર્ડનો વર્લ્ડ રેકોર્ડ (ઇન્ડિયા) માં સમાવેશ કરવામાં આવશે. તારીખ ૧૩/૦૨/૨૦૨૧ના રોજ સવારે ૦૭:૩૦ વાગ્યે ૫૦ દિવ્યાંગો અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ ખાતેથી વિદાય થશે જેમને ઈ્ અમદાવાદ શ્રી બી.વી.લીંબાસીયા(ય્છજી) તેમજ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ફલેગ ઓફ આપવામાં આવશે.તો સમયે દિવ્યાંગોના આ પ્રયાસને બિરદાવવા માટે અમદાવાદ, ગાંધીનગરની જનતાને ભાવભીનું આમંત્રણ છે.આપ આપના વ્યસ્ત સમયમાંથી? થોડો સમય ફાળવી દિવ્યાંગ મિત્રોને પ્રોત્સાહન પૂરું પાડવા જરૂરથી પધારો તેવી વિનંતી છે.

રિપોર્ટઃ- મેઘલ ઉપાધ્યાય રાજકોટ

# ચૂંટણી ટાણે ટ્વિટર પર ટોપ ટ્રેન્ડમાં #રીજ્યુમ_બિનસચિવાલય૦એક્ઝામ

ગાંધીનગર,તા.૧૨સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા ભાજપ માટે બેરોજગારીનો મુદ્દો માથાનો દુખાવો બની ગયો છે. નોકરી આપવાના મોટા મોટા વાયદા કરતી રાજ્યની રૂપાણી સરકાર પર બેરોજગાર યુવાઓ બિન સચિવાલયની પરીક્ષા યોજવાની માંગ કરી રહ્યા છે. ટ્વિટર પર બિન સચિવાલયની પરીક્ષાની તારીખ જાહેર કરવા મામલે #રીજ્યુમ_બિનસચિવાલય_એક્ઝામ ટ્વિટર પર ટ્રેન્ડિંગમાં આવી ગયુ છે. અત્યાર સુધી ૯૬ હજારથી વધુ લોકોએ ટ્વિટ કર્યુ છે. રાજ્યમાં છેલ્લા ૩ વર્ષથી બિન સચિવાલયની પરીક્ષાને લઇને ગુજરાત સરકાર નિશાના પર આવી છે. વિકાસની વાતો કરતી રૂપાણી સરકાર યુવાઓને નોકરી આપવા મામલે અંતિમ ક્રમે છે. છેલ્લા ૩ વર્ષથી ગુજરાત સરકારની બિન સચિવાલયની નોકરીની યુવાઓ રાહ જોઇ રહ્યા છે. ગુજરાત સરકારે યુવાઓને નોકરી આપવાનું વચન આપ્યુ હતું પરંતુ તેઓ તેને આપવામાં નિષ્ફળ રહ્યા છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કલેક્ટર કચેરીઓ અને ગુજરાત સરકારનાવિવિધ ખાતાના વડાની કચેરીઓ (બિન સચિવાલય સેવા)ના કારકુન વર્ગ-૩ અને સચિવાલય સેવાના ઓફીસ આસિસ્ટન્ટ વર્ગ ૩ની કુલ ૨૨૨૧ જગ્યાઓ પર સીધી ભરતી માટે ૧૨-૧૦-૨૦૧૮માં ભરતી જાહેર કરવામાં આવી હતી. જે ઈડબલ્યુએસના લીધે ફરી ૧-૬-૨૦૧૯થી ૩૦-૬-૨૦૧૯ દરમિયાન ફરી ખોલવામાં આવી હતી ત્યારબાદ તેની પરીક્ષા ૧૭-૧૧-૨૦૧૯ના રોજ ઓએમઆર બેઇઝ્ડ પરીક્ષા લેવામાં આવી હતી. જોકે, પેપર ફૂટી જતા સરકારે પરીક્ષાને ૧૬ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ રદ કરી હતી અને સઘન સુરક્ષા વચ્ચે આ પરીક્ષા લેવાની જાહેરાત કરી હતી. તે બાદ ઘણો સમય નીકળી ગયો હોવા છતા પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી નથી.

બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષામાં રાજ્યમાં ૧૦ લાખથી વધુ ફોર્મ ભરાયા હતા. આ પરીક્ષાનું નોટિફિકેશન બહાર પડ્યે ૩ વર્ષથી વધુનો સમય વિતી ગયો છે છતા પરીક્ષાની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.સોશિયલ મીડિયા પર ટ્રેન્ડમાં #રીજ્યુમ_બિનસચિવાલય_એક્ઝામસર, લોકડાઉન પણ પૂર્ણ થઇ ગયુ, જીએસએસએસબીને કહો કે બિન સચિવાલયની પરીક્ષા લે, હજુ કેટલો સમય જોઇએ??

ગુજરાત સરકારઃ ફિર હેરાફેરીના એક પોસ્ટર દ્વારા મજાક ઉડાવતા લખવામાં આવ્યુ કે, ઓછામાં ઓછો ૩૦ વર્ષનો તો સમય આપો.

બીજા એક ટ્વિટર યૂઝરે મુન્નાભાઇ એમબીબીએસના એક પોસ્ટર દ્વારા લખ્યુ કે, ગુજરાતમાં દરેક ભરતીને બે-ત્રણ વર્ષ સુધી લટકાવવી જરૂરી છે કે શું?

બીજા એક ટ્વિટર યૂઝરે લખ્યુ કે, ના તો ચોર છું અને ના તો ચોકીદાર છું. સાહેબ હું તો બેરોજગાર છું.

ટ્વિટર યૂઝરે લખ્યુ કે, સમયસર ચૂંટણી યોજાઇ શકતી હોય તો પરીક્ષા કેમ નથી યોજાઇ શકતી.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની સાત પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.
વિષય : પિતા.માતા.સંતાન...
સંપર્ક સૂત્રો.......
www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
સભ્ય લેખક : વિભૂતિ બેન દેસાઈ,કલ્પનાબેન ત્રિવેદી,શ્રદ્ધા ભટ્ટ, દીપ્તિ પટેલ,મેહુલ ત્રિવેદી,અરૂણાબેન ત્રિવેદી,રાગિણી શુક્લ
યુ ટ્યુબ ચેનલ :
janfariyadnews(સાહિત્ય સરિતા)(ચાર વિડિયો)

NOG SS No :- 0044
વિષયઃ- પિતા.
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- પિતૃભાવ.

કેટકેટલાં ઉપકાર છે તાત તણાં,
આંગળીનાં વેઢે તો ક્યાં ગણાય છે ?
દિ આખો પરીશ્રમ કરી ઘરે આવતાં,
મુજ બાળ ને જોઈ મલકી ઉઠતાં.
થાક્યાં પાક્યાં ઘરે આવી હાશ કરતાં,
ઘર પરિવારમાં દિ આખાનો થાક વિસરાતો.
માની સહાય માટે મુજને રમાડતાં,
અને હું અબૂધ પિતાથી ડરતો રહેતો.
સમજણો થયો કિંતુ પિતા ને ન સમજ્યો,
લાગણી પિતાની ઠુકરાવતો રહ્યો.
મુજ પ્રેમ માટે તરસતાં રહ્યાં પિતા,
એમની આંખોમાં એ તરસ જોઈ ન શક્યો.
વળાવી આવ્યાં તાત ને ત્યારે આવી સમજ,
પ્રેમ માટે ઝૂરતાં પિતાની યાદમાં વિભૂ ઝૂરી રહ્યો છું આજ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા
બિલીમોરા

★★★★★★★★★★★★★★

મારી બીજી રચના.

NOGSS 0044.
વિષયઃ- માતા-પિતા.
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- માતૃ-પિતૃ ભાવ.

માતની આંખમાં નમી,
મળતી સહાનુભૂતિ.
બાપની આંખમાં અમી,
રહેતી સહુથી અજાણી.
મા સાચવે સંતાનો,
પિતા કરે પુરુષાર્થ.
પિતા કેરો પુરુષાર્થ,
પડદા પાછળ ઢંકાયો,
જીવનમાં જેટલું મહત્વ માનું,
એટલું જ મહત્વ પિતાનું.
સંઘર્ષ કરે જીવનભર,
માવતર સંતાનો કાજ.
વંદન કરીએ માવતરને,
રાખીએ ખુશ આજીવન.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા
બિલીમોરા.
તારીખઃ- ૪-૨-૨૦૨૧

★★★★★★★★★★★★★

*NOG SS NO :- 0019*
કલ્પના બેન ત્રિવેદી
સુરેન્દ્રનગર
શબ્દ .. પિતા

પ્રકાર..પદ્ય
શીર્ષક..પિતાનો સાથ
૪/૨/૨૦૨૧
::::::::::::::::::::::::
સંસારમાં લાગે છે,
પિતા વિના ક્યારેય સાંજ નથી પડતી..
એનાં વિના કદાચ
સીધી રાત જ પડી જાય છે..
જ્યારે આનંદમાં
હોઈએ,
ન મળે ખભો પિતાનો
ત્યારે જીવનમાં રજા પડી ગયાં જેવું લાગે છે..
નથી સમજાવવી પડતી એમને કોઈ વાત,
એને સમજી જાતાં લાગે ના વાર.. એ જ છે એક તાત..
હોય સાથ અને હાથ,
તો એ ક્ષણ જીવંત લાગે..
આજે નિરાંતે, માત્ર પિતા વિશે લખવા મન થયું છે..
હૈયું ખોલીને લખવાનું મન થયું છે,
જાણે આંખ ને આંસુનો સંગમ..
પણ મજબૂત ખભાનો સહારો,
અર્થ અને શબ્દનો સંગમ,
વગર કહ્યે મુંઝવણનો ઉકેલ,
હૃદય અને ધબકારનો સંગમ ...
મૌન, ને અવાજનો ય સંગમ. ..
વગર કહ્યે જીવાતી
સ્મૃતિઓનો સંગમ.
દીકરીનો આત્મા એ તાત,
એક વિશ્વાસે જીવાતી વાત,
ઈશ્વર તુલ્ય પિતા!
શત શત નમન!

પિતા એ નસીબમાં મળતી
અસ્કયામત નથી..
એ તો જાહોજલાલીની અમાનત છે..

ઉંમરને વટાવી અને વળાવી,
જે દૂર ખૂણામાં મૂકી દે,
સંતાનમાં જીવન દેખે
એ પિતા.

પિતા ક્યારેય ઘરડાં ના થાય..
એ તો પરિપક્વ જ રહે, દૂરંદેશી જ રહે.

પિતા એ મઘમઘતી સુગંધ નથી,
એ છે સંઘર્ષ નો બાગ,
ખરચી પોતાનું જીવન,
સંતાનોને બનાવે સવાયા,,
એટલે જ પિતા દીકરીનાં લાડકવાયા!
આવા પરમ પિતા ,
પરિવારનાં આધાર ને શત શત વંદન.

★★★★★★★★★★★★

સાહિત્ય સરિતા ગ્રુપ - ૧
NOG SS NO. : 055
વિષય : માતા પિતા અને સંતાનો
પ્રકાર : અછાંદસ કવિતા
શીર્ષક : વહાલી દીકરીને....

બચપન તારુ I. C. U. માં,
તું આખો દિવસ રૈ..,see u.. માં.

લાડો ,તું તો ખીલી ઉઠી,
ટીનેજર થઈ ચહેકી ઉઠી.

ખોળેથી ઉતરી, મુજ પાલવ છોડી,
જિન્સ ટોપમાં દીપી ઉઠી.

ચંચળ અદા, ઝૂકતી આંખો,
મમ્મી..મમ્મી કરતી હજાર વાતો..

મારી ચકલી, નાજુક કળી,
આજ મંજરી થઈને મહોરી ઉઠી.

કરતી સવાલ હજાર , તારી નટખટ આંખો,
પૂછું જો હું કંઇ ,તો ઝૂકી જાય તારી આંખો...
લાડી મારી હવે પુષ્પ બની મહેકી ઉઠી...

શ્રદ્ધા ભટ્ટ
વાપી.
૦૪/૦૨/૨૦૨૧

★★★★★★★★★★★★★★

NOG SS No :- :- 010
વિભાગ :- પદ્ય
શબ્દ :- માતા પિતા - સંતાન
શીર્ષક :- ફરી એવું ના કરશો..

રોઈ રોઈ બોલે માવતર, શું ભૂલ થઈ અમારી ?
જુવાની અમારી જતી રહી, ન્યાય એ કુદરતી.

કાળજે લગાવી રાખ્યાં તમને, પ્રભુપ્રસાદ માની,
આંચ જરીકે ના આવવા દીધી, સંકટ લઈ માથે.

તમે અબુધ અણસમજુ સમજી , કહ્યું ના કશુંયે,
ઈચ્છાઓ પૂરી કરવા તમારી, ઘસી જાત અમેય.

તમારો બોજ ક્યાંથી ઉઠાવીએ, એવું બોલી તમે,
મૂકી દીધા મધદરિયે અમને ,શાને ટેકે ઊભાં થઈએ,

કાલુઘેલું બોલતાં તમે ,સમજી જતાં મર્મ અમે તેનો,
અમે અભણ હતાં,ભણ્યાં વાત કેમ ના સમજ્યાં તમે ?

અમે હજુએ માંગશું દુવાઓ ,કમાવતર કેમ થઈએ ?
આશા એ જ રહે અમારી, દુઃખી ના થાવ તમે વંશે.

તમારા પુત્રોને શીખવજો, પકડજો હાથ માવતરના,
ફરી એવું ના કરશો તમે, જોઈ અમારાં કર્મો ક્યારેય.

દીપ્તિ પટેલ'શ્રીકૃપા'
વડોદરા.

★★★★★★★★★★★★★★

NOG SS No :- 0015
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ-મા

મા ની મમતાનાં ટેકે, માનાં મીઠા એ લેહકે,
માનાં પાલવના ઠેકે, કોઇ ન આવે મેહુલિયા.

કાયમ ઉર આશિષ આપે, ટેરવું એક સઘળું
દુઃખ કાપે,
આપેલા પ્રેમ પ્રતાપે, જીવતું આ જગ મેહુલિયા.

સંવેદનનાં સંગાથે, ટાઢક ફરતી જે માથે,
હેતાળા એવા હાથે, ફોગટ બીજે મેહુલિયા.

મમતાની છે એ મૂરત, સાવ સરળ જેની સૂરત,
છે જીવન કેરી જરૂરત, શોધી ન મળે મેહુલિયા.

ચૌદે ભુવનો જો ફરતા, ભગવાન પણ મળે
ભજતાં,
છે અઘરી માની મમતા, મળવી હરિને
મેહુલિયા.

મેહુલ ત્રિવેદી
ખેરાળી

★★★★★★★★★★★★★★

*NOG. સાહિત્ય સરિતા....(૧)
*NOG SS No :-- 0036*
પ્રકાર - પદ્ય
શીર્ષક - મા

મા
મા ! જીવથી યે ઝાઝાં જતનથી રંગાઈ જાઉં
છું;
અવિનાશી મમતાનાં દરિયે ભીંજાઈ જાઉં છું...

મા નામનો મંત્ર અજરામર ચમત્કારી છે;
જેની નિકટ રહી વિકટથી પરખાઈ જાઉં છું...

મા તો પ્રેમની ઉષ્મા અને સુષ્મા સદા પ્રગટાવે;
જેનાં સ્નેહમયી સ્પર્શથી સમજાઈ જાઉં છું...

મા સ્વંયમ શબ્દાતીત ગીત ને શાશ્વતીનું રૂપ
છે;
હસું કે રડું હૃદયે ચાંપે શરમાઈ જાઉં છું...

મા જગતનું પ્રથમ હર્ષિત ચુંબન અર્પનારી;
ભીનાં સુંવાળા ભાવવિશ્વથી હરખાઈ જાઉં છું.

અરૂણાબેન ત્રિવેદી
અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★

સાહિત્ય સરિતા - ૧
NOG SS No - 0050
પ્રકાર - કવિતા
શીર્ષક - મારા પપ્પા.
.......................................
સૂર્ય પાસેથી ઉષ્મા ,
પ્રકૃતિ પાસેથી ઉદારતા ,
સમય પાસેથી ????ન ,
પૃથ્વી પાસેથી શ્રધ્ધા ,
મારા પપ્પા પાસેથી પ્રેમની હૂંફ.!
મારા જીવનનો પાયો મારા પપ્પા..!
હું એમની લાડલી રાગી..!
અનહદ લાડ ને કોડ કરતાં..!
ઘરનો મોભો , ઝીલતા ભાર..!

પપ્પા એટલે પહાડ જેવા...!
કવચ ને કૌવત સમાન..!
ભૂલી પડું ત્યારે મારગ દેખાડે..!
નાદાનિયતને ચલાવે..!
હર કદમ હાથ ઝાલે..!સુખદુઃખની છાયા મુખ
પર દિશે..!
આજ પપ્પા નથી પણ,
આશીષ દે કાળજાનો ટુકડો..!
મારા આંગણની તુલસી બે ઘરને તારે..!

ગેર હાજરી સતાવે ને આંખોથી વહીને ગાલ
પર દડી આવે આસું..!
એમના વગર પિયરની વાટ સુની..!
પપ્પા કહેતા તું લક્ષ્મીનો અવતાર..!
આમ તો બાપા પણ કહેતા બાનો પા ભાગ
એટલે બાપા , આ શબ્દમાં પણ અસ્તિત્વ
એમનું.!
મુશ્કેલી વેઠી મોટા કર્યાં..!
દીર્ઘ દ્રષ્ટીવાળા સાચી સલાહ આપતા..!.
પંદર વર્ષ, થયાં..!
એકલી અટૂલી મૂકી..!
આજ પણ જોતા મુખડું આંખ નમ થઈ જાય છે...!
આ લોકડાઉનમાં, મમ્મી પણ ચાલ્યાં...!
પિયરની વાટલડી સૂની મારી..!
બોલતા પપ્પા મો ભરાય ને ... ,
લખતા હૈયું ભરાય જાય છે...!
એવા મારા પપ્પા..!
રાગીની શુક્લ× રાગ×
(મુંબઈ, કાંદિવલી)

# દેશમાં પગાર સરેરાશ ૬.૪ ટકા વધવાની આગાહી

ન્યુ દિલ્હી,તા.૧૨

તાજેતરમાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં ભારતમાં આ વર્ષે પગાર સરેરાશ ૬.૪ ટકા વધવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. સર્વેક્ષણમાં ગત વર્ષ દરમિયાન ખરી રીતે વધેલા સરેરાશ ૫.૯ ટકા પગાર કરતા આ વર્ષે પગાર સરેરાશ ૬.૪ ટકા અને એકંદરે ૭ ટકા સુધી વધવાનો આશાવાદ દર્શાવાયો

પગાર વિશેનું આ સર્વેક્ષણ ઑક્ટોબર/નવેમ્બર ૨૦૨૦માં કરવામાં આવ્યું હતું અને ૧૩૦ દેશની ૧૮૦૦૦ વ્યક્તિએ સર્વેક્ષણમાં ભાગ લીધો હતો.

સર્વેક્ષણમાં જણાવ્યા અનુસાર એશિયાના દેશ ઈન્ડોનેશિયામાં ૬.૫ ટકા, ભારતમાં ૬.૪ ટકા, ચીનમાં ૬ ટકા ફિલિપાઈન્સમાં પાંચ ટકા, સિંગાપોરમાં ૩.૫ ટકા અને હોંગકોંગમાં ૩ ટકા પગારની સરેરાશ વધવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

ભારતમાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં ૩૭ ટકા કંપનીએ આવતા ૧૨ મહિના દરમિયાન વ્યવસાયની આવક વધવાનો આશાવાદ દર્શાવ્યો હતો. જોકે, નવા રોજગાર વિશે માહોલ હજુ ઠંડો જ છે.

સર્વેક્ષણ પ્રમાણે ભારતની માત્ર ૧૦ ટકા કંપનીઓ જ નવા કર્મચારી લેવા વિશે વિચારી રહી છે, ગત ત્રિમાસિક ગાળામાં આ ટકાવારી ૧૪ ટકાની હતી.

સર્વેક્ષણ પ્રમાણે ઍક્ઝિક્યૂટિવ લેવલ માટે ૭ ટકા, મિડલ મૅનેજમેન્ટ, સપોર્ટ સ્ટાફ માટે ૭.૩ ટકાની પગાર વધારાની આગાહી કરવામાં આવી છે.

# સરકારી કચેરીમાં ડો.આંબેડકરનો ફોટો મૂકવાની સરકારે ના પાડતા દલિતોમાં રોષ

અમદાવાદ,તા.૧૨

એક બાજુ, ભાજપ સરકાર મોટાઉપાડે આંબેડકર જયંતિની ઉજવણી કરે છે. આ ઉપરાંત વિવિધ કાર્યક્રમ થકી દલિતોના મસિહા હોવાનો ડ્રામા રચે છે ત્યારે આંચકો લાગે તેવી વાત એ છે કે, ગુજરાતની સરકારી કચેરીમાં બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરનો ફોટો મૂકવા ભાજપ સરકારે ધરાર ના પાડી દીધી છે. ભાજપ સરકારના આવા વલણને લઈને દલિતોમાં રોષ ભભૂક્યો છે.

સરકારી કચેરીમાં મહાત્મા ગાંધીથી માંડીને વિવિધ નેતાઓના ફોટા મૂકવામાં આવે છે. સરકારી કચેરીમાં ડો.બાબાસાહેબ આંબેડકરનો ફોટો મૂકવા દલિત અધિકાર મંચે રાજ્ય સરકારને ભલામણ કરી હતી. એટલું જ નહીં, રાષ્ટ્રીય નેતાઓની યાદીમાં ડો.બાબાસાહેબનો સમાવેશ કરવા રજૂઆત કરી હતી. જોકે,રાજ્ય સરકારના સામાન્ય વહિવટ વિભાગનું કહેવું છે કે, રાજ્ય સરકારની સક્રિય વિચારણાના અંતે એવુ નક્કી કરાયું છે કે, સરકારી કચેરીમાં રાષ્ટ્રીય નેતાઓના ફોટા મૂકવાની પ્રવર્તમાન સૂચનાઓ યથાવત રાખવી. આ જોતાં ડો.બાબાસાહેબ આંબેડકરના ફોટા સરકારી કચેરીમાં મૂકવાની વાત ગ્રાહ્ય રાખવામાં આવી નથી.

# સાબરકાંઠા જિલ્લાના ઇડરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારોનો ભરવા ઈડર તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, પ્રાંત કચેરી પહોંચ્યા


## પાંચ દિવસ માં ઈડર જીલ્લા પંચાયત ના ૨૫ અને તાલુકા પંચાયત ના૧૦૨ ફોર્મ ભરાયા.

ઈડર

ઈડરમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ઉમેદવારીએ ભારે ઉમંગ જોવા મળ્યો હતો તાલુકા પંચાયતની ૨૮ બેઠકો માટે ૧૦૨ જયારે જિલ્લા પંચાયતની ૭બેઠકો માટે ૨૫ જેટલા ફોર્મ ભરાયા હતા.

ઈડર તાલુકાની તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીના ઉમેદવારી ફોર્મ ભરવાના ચાર દિવસ કરતા શુક્રવારે પાંચમાં દિવસે ઉમેદવારો અને ટેકેદારો ના ટોળેટોળા ફોર્મ ભરવા માટે ઉમટી પડ્યા હતા.

જેમાં ઈડર ધારાસભ્ય હિતુ કનોડિયા ડીજે ના તાલ સાથે ઈડર મામલતદાર કચેરી પહોંચ્યા હતા તાલુકા પંચાયતની ૨૮ બેઠક માટે ભાજપ કોંગ્રેસ તથા આપ અને





અપક્ષ મળી ૧૦૨જેટલા ફોર્મ ભરાયા છે જયારે જિલ્લા પંચાયતની ૭ બેઠકો માટે બંને મુખ્ય પક્ષના મળી ૨૫ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી પાત્રો રજૂ કર્યા છે તાલુકા પંચાયતના ફોર્મ ભરનારાઓમાં પૂર્વ પ્રમુખ એકતા બેન પટેલ કોંગ્રેસ માંથી, કાંતિભાઈ પી પટેલ ભાજપ ,ભાજપ અગ્રણી ભરતભાઇ પટેલ,સહિત બન્ને પક્ષના કેટલાક આગેવાનોએ ફોર્મ ભર્યા હતા જયારે જિલ્લા પંચાયત માટે પૂર્વ સદસ્ય વર્ષા બેન ઉપરાંત હિમાંશુ નિનામાં જેવા નવા ચહેરાઓએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા અસંખ્ય બેઠકો પર ભાજપ કોંગ્રેસના અસંતુષ્ટઓએ અપક્ષમાં તથા આમ આદમી પાર્ટીએ પણ ૧૫ થી વધુ બેઠકો પર ઉમેદવારો ઉભારાખ્યાં હોઈ આ ચૂંટણી જંગ ભારે રોચક બની રહેશે આ ઉમેદવારો ભાજપ કોંગ્રેસની બાજી બગાડી શકે તેમ છે.

### અરવલ્લી એલસીબી પોલીસે

# ભાણમેરની લિસ્ટેડ મહિલા બુટલેગર અને રીંટોડાના બુટલેગરને પાસા હેઠળ સુરતની લાજપોર જેલમાં ધકેલાયો

અરવલ્લી બ્યુરો મોડાસા મહેન્દ્ર પટેલ

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાત આગમન પછી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ કરનાર અને અસામાજીક પ્રવૃતિઓ કરનાર બુટલેગરો અને અસામાજીક તત્વો સામે શખ્ત કાર્યવાહીના પોલીસતંત્રને આદેશ આપતા જીલ્લામાં પોલીસતંત્રે બુટલેગરો ,વરલી-મટકાના અને જુગારના સ્ટેન્ડ ચલાવનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથધરાતા બુટલેગરો અને અસામાજીક તત્ત્વો ભૂગર્ભમાં ઉતરી ગયા છે જીલ્લામાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો વેપલો કરનાર અને દારૂની હેરાફેરી કરનાર મહિલા અને પુરુષ બુટલેગર સામે પાસે હેઠળ કાર્યવાહી કરી સુરતની લાજપોર જેલ ખાતે ધકેલી દેતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે


ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના પગલે દેશી-વિદેશી દારૂના વેપલામાં રહેલા અધધ નફા મળતા અનેક યુવાનો અને કેટલીક મહિલાઓ બુટલેગર બની ગઈ છે .અરવલ્લી જિલ્લામાં





જુગાર - પ્રોહીબિશનની પ્રવૃત્તિ આચરતાં શખ્સો તથા અસામાજિક તત્વોની સામે પાસા હેઠળ કાર્યવાહી કરવા સારૂં જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના આદેશ અનુસાર એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમે ભિલોડાના ભાણમેર ગામની નામચીન મહિલા બુટલેગર કૈલાસ મહેશ ક્લાસવા અને રીટોડાના કુખ્યાત બુટલેગર રમેશ ગોબર વણઝારા સામે પાસા હેઠળ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટે મહિલા અને પુરુષ બુટલેગર સામે પાસા અંગેની દરખાસ્ત મંજુર કરતા એલસીબી પોલીસે મહિલા બુટલેગર કૈલાસ મહેશ ક્લાસવા અને રીટોડાના કુખ્યાત બુટલેગર રમેશ ગોબર વણઝારા પાસા હેઠળ અટકાયત કરી સુરતની લાજપોર જેલ હવાલે કરી દીધા હતા .જીલ્લા પોલીસતંત્રની કામગીરીથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે ભાણમેરની મહિલા બુટલેગર કૈલાસ ક્લાસવા રાજસ્થાનના બુટલેગરો સાથે હાથ મીલાવી મોટા પ્રમાણમાં ભિલોડા સહીત આજુબાજુના પંથકમાં વિદેશી દારૂ ઠાલવતી હતી ભિલોડા પોલીસ સ્ટેશનમાં અનેક પ્રોહિબિશનના ગુન્હાઓ કૈલાસ ક્લાસવા સામે નોંધાઈ ચુક્યા છે ભિલોડા નજીક પોલીસ સાથે ભાઈબંધીમાં ફાટીને ધુમાડે ગયેલ રમેશ વણઝારા નામનો બુટલેગરે તો ભિલોડા નજીક હોટલમાં જ દારૂનો વેપલો કરી બિયારબાર ની સુવિધા ભૂતકાળમાં પુરી પાડતો હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી રમેશ વણઝારા સામે પણ ભિલોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના અનેક ગુન્હા નોંધાઈ ચુક્યા છે બંને લીસ્ટેડ બુટલેગરો પાસા હેઠળ જેલમાં ધકેલાતા અન્ય બુટલેગરોમાં ફફડાટ વ્યાપો છે

# માણાવદર તાલુકા ચારણ સમાજનું કસ્ટોડિયલ ડેથ અંગે મામલતદાર ને આવેદનપત્ર પાઠવ્યું



માણાવદર તાલુકા ચારણ સમાજ દ્વારા કચ્છના મુન્દ્રામાં થયેલા કસ્ટોડિયલ ડેથ અને બે યુવાનોને ઢોરમાર મારવા મુદ્દે માણાવદર મામલતદાર ને આવેદનપત્ર પાઠવ્યું હતુ

માણાવદર તાલુકાના ચારણ સમાજ દ્વારા અપાયેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે સમાધોધાના બે યુવાનો ઉપર અમાનુષી અત્યાચાર ગુજારતા તેમના મોત થયા છે. આ ધટનાનો વિરોધ કરવા સાથે તેમા સંડોવાયેલાઓને પકડી સજા કરવા માંગ કરાઈ છે. અન્યથા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ની ચિમકી પણ અપાઈ છે

તસ્વીર - અહેવાલ

જીજ્ઞેશ પટેલ માણાવદર

### મનપા દ્વારા તારીખ ૧૩ અને ૧૪મીએ ઘરગથ્થુ ખાતર બનાવતા શિખવાડાશે

# ઘરગથ્થુ ખાતર અને બાગકામ ઉત્સવનું ઉદઘાટન મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે કરાશે

## સેક્ટર ૨૧માં શાક માર્કેટ પાસેની નર્સરીમાં સવારે ૧૦થી સાંજે ૬ વાગ્યા સુધી નિદર્શન અપાશે

ગાંધીનગર:

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા તારીખ ૧૩મી અને ૧૪મી ફેબ્રુઆરીના દિવસે સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા દરમિયાન સેક્ટર ૨૧માં શાકમાર્કેટની પાસે નર્સરીમાં ઘરગથ્થુ ખાતર અને બાગકામ ત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. જ્યાં ઘરમાંથી નીકળતા ખાદ્ય કચરામાંથી ખાતર બનાવવા માટેનું નિદર્શન કરવામાં આવશે, જેનું ઉદઘાટન મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે કરાશે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી પી. સી. દવેએ જણાવ્યુ કે ગાંધીનગરને સ્વચ્છ અને હરિયાળુ રાખવા માટે લોક જાગૃત્તિના આ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે.સ્વચ્છ ભારત મિશન અને સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત હાથ ધરાનારી આ પ્રવૃત્તિના સંબંધમાં સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટશ્રી સંદિપસિંહ ગોહિલે કહ્યું કે રસોડામાંથી ઉત્પન્ન થતાં શાકભાજી સહિતના એંઠવાડ ઘર આંગણાના ફૂલછોડ માટે ઔષધિનું કામ કરે છે. પરંતુ તેના માટે તેને ખાતરમાં પરિવર્તિત કરવાનું જરૂરી બને છે. ત્યારે ઘરગથ્થુ ખાતર અને બાગકામ ઉત્સવ અંતર્ગત તેનું નિદર્શન શહેરવાસીઓને રૂબરૂ જોવા અને જાણવા મળશે. સાથે જ આ પ્રસંગે મુલાકાતી રહેવાસીઓને વર્મીકમ્પોસ્ટ ખાતર અને રોપા રાહત દરે આપવાનો નિર્ણય પણ લેવાયો છે.

# LCBએ છાપી નજીકથી ૩૮,૬૮,૪૬૦ના વિદેશી દારૂના મુદ્દામાલ સાથે બે શખ્સને ઝડપી પાડયા

## બોટલ નંગ-૨૫૯૨૦, મોબાઈલ નંગ-૨ તથા ટ્રેલર ગાડી સાથે કુલ મુદ્દામાલ ૩૮,૬૮,૪૬૦નો મુદ્દામાલ ઝડપાયો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

IGP બોર્ડર રેન્જ ભુજ જે.આર.મોથલીયા તથા જી બનાસકાંઠા - પાલનપુર શ્રી તરૂણ દુગ્ગલ નાઓએ પ્રોહીબિશન, જુગારની બદીને નેસ્તનાબુદ કરવા અંગે સુચના અનુસાર એચ.પી. પરમાર પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી.,પો.સબ.ઈન્સ આર.જી.દેસાઈ તથા અ.હે.કોન્સ.નરેશભાઈ, દિગ્વિજયસિંહ,મહેશભાઈ,રાજેશકુમાર, મનીષભાઈ તથા પો.કોન્સ દિનેશભાઇ,નાથુભાઈ નાઓ છાપી વિસ્તારમાં પેટ્રોલીંગમાં



હતા તે દરમ્યાન બાતમી મળી કે એક ટ્રેલર ગાડી નં.RJ-14-GD-8483 માં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૨૫,૯૪૦ કિ.રૂ.૨૮,૬૨,૮૪૦ /- તથા ટ્રેલર ગાડી ની કિ.રૂ.૧૦,૦૦૦,૦૦/-તથા મોબાઈલ નંગ-૨ તથા રોકડ રૂપિયા ૧૯૨૦/-મળી કુલ મુદામાલ કિ. રૂ.૩૮,૬૮,૪૬૦/- ના મુદ્દામાલ સાથે ટ્રેલરનો ચાલક આરોપી શ્રવણકુમાર રામચંદ્ર જાબરમલ જાટ રહે.ચલા તા.નિમકાથાના જી.સિકર રાજસ્થાન તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર વાળાઓ પકડાઈ જઈ ગુનો કરેલ હોય તેઓના વિરુદ્ધ માં પ્રોહીબીશન એક્ટ મુજબ છાપી પોલીસ સ્ટેશમાં કાયદેસરની કાર્યવાહી કરેલ છે

# સરખેજમાંથી ૨૦૦૦ની નકલી નોટો સાથે બે શખ્સની ધરપકડ

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ શહેરમાં નકલી નોટો વટાવવા જતાં બે શખ્સની સરખેજ પોલીસે ઉજાલા સર્કલ નજીકથી ધરપકડ કરી છે. બંને આરોપીઓ પાસેથી રૂ. ૨૦૦૦ની કુલ ૩૬૭ નકલી નોટો મળી આવી હતી. નકલી નોટો વડોદરાના હરણી વિસ્તારમાં રહેતા એક વ્યક્તિ પાસેથી લાવ્યા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. સરખેજ પોલીસે આ મામલે ગુનો નોંધી બંનેની ધરપકડ કરી છે. સરખેજ પોલીસને બાતમી મળી હતી કે સરખેજ વિસ્તારમાં રહેતા બે શખ્સ નકલી નોટો લઈ ઉજાલા સર્કલ તરફ આવવાના છે જેથી પોલીસે સર્કલ પાસે વોચ ગોઠવી હતી. બાતમીવાળા શખ્સ આવતાં જ બંનેને પોલીસે ઝડપી લીધાં હતાં.

બંનેને પોલીસ સ્ટેશન લઈ જઈ પૂછપરછ કરતા એકનું નામ લક્ષ્મણ બેગડા અને કૃણાલ ઠક્કર (બંને રહે. સરખેજ) હોવાનું જણાવ્યું હતું. તેઓ પાસે રહેલા થેલામાંથી કુલ ૩૬૭ જેટલી રૂ. ૨૦૦૦ના દરની નોટો મળી આવી હતી.

# મહાનગર પાલિકાના ૨૫૦ સફાઇ કર્મયોગીને કોરોના વિરોધી રસી આપીને સુરક્ષિત કરાયા

## સેક્ટર ૨૨ના રંગમંચ ખાતે ખાસ રસીકરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા માર્ગદર્શન અપાયુ હતું

ગાંધીનગર:

વૈશ્વિક મહામારી કોરોનાને મ્હાત આપવા માટે સમગ્ર રાજ્યમાં રસીકરણ અભિયાન હાથ ધરાયુ છે, તેમાં ગાંધીનગર મહાનગર પાલિકા પણ સામેલ છે. માનનીય વડાપ્રધાનશ્રીના સુચન પ્રમાણે કોવિડ-૧૯ને રોકવા માટે નિઃશુલ્ક અપાતી રસીનો સૌ પ્રથમ લાભ ફ્રન્ટલાઇન કોરોના વોરિયર્સને આપવામાં આવી રહ્યો છે. ત્યારે શુક્રવારે મહાનગર પાલિકા વિસ્તારમાં સફાઇની કામગીરી કરતા કર્મયોગીઓ માટે સેક્ટર ૨૨ના રંગમંચ પર રસીકરણ કાર્યક્રમનું ખાસ આયોજન કરવામાં આવ્યુ હતું. મ્યુનિસિપલ કમિશનરશ્રી ડૉ. રતનકંવર ગઢવીચારણ અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી પી. સી. દવે આ તકે સતત ઉપસ્થિત રહ્યા હતાં અને રસીકરણ દરમિયાન કોવિડ ગાઇડલાઇનના પાલન સંબંધે નિરિક્ષણ કર્યુ હતું.



મ્યુનિસિપલ કમિનરશ્રી દ્વારા લાભાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી પી. સી. દવેએ જણાવ્યું કે રસીકરણ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સ સહિત કોવિડ ગાઇડ લાઇનનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યુ હતું. અફવાઓને લઈને કેટલાક લાભાર્થીઓને રસીના સંબંધમાં ભય હતો, પરંતુ તેમને સાચી સમજ આપીને ભય દુર કરવામાં આવ્યો હતો. સમગ્ર રસીકરણ કાર્યક્રમ દરમિયાન કોઇ લાભાર્થીને રીએક્શન થવા જેવો કોઇ જ બનાવ બન્યો ન હતો. જોકે તંત્ર દ્વારા કોઇ અસામાન્ય સંજોગો ઉભા થાય તો પહોંચી વળવા માટે સ્થળ પર એમ્બ્યુલન્સ સહિતની તબિબિ વ્યવસ્થાઓ તૈયાર રાખવામાં આવી હતી. બપોરે ૪ વાગ્યા સુધીમાં ૨૫૦ સફાઇ કર્મયોગીઓને રસી આપીને કોરોના મહામારી સામે સુરક્ષિત કરવામાં આવ્યા હતાં.

# ડીસા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કુલપતિશ્રી ડૉ.આર.એમ.ચૌહાણના અધ્યક્ષસ્થાને વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

## ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય તેવા સંશોધનો કરી ખેડુતોની આવક વધારવા પરિણામદાયી કામગીરી કરીએ :કુલપતિશ્રી ડૉ.આર.એમ.ચૌહાણ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ડીસા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. આર. એમ. ચૌહાણના અધ્યક્ષસ્થાને ૪૭ મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં કુલપતિશ્રીએ કૃષિ વૈજ્ઞાનિકોને આહવાન કરતાં જણાવ્યું કે, ખેતીના વ્યવસાયમાં દિવસે દિવસે ઉત્પાદન ખર્ચ વધી રહ્યો છે ત્યારે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય તેવા સંશોધનો કરી ખેડુતોની આવક વધારવા પરિણામદાયી કામગીરી કરીએ. તેમણે કિચન ગાર્ડનીંગ અને આંતરપાકની વાવણી પર ભાર મુકતાં જણાવ્યું કે, ખેડુતના ખેતરમાં ટ્યુબવેલની આજુબાજુમાં ખાલી પડી રહેલી



જમીનમાં કિચન ગાર્ડન બનાવી તેમાં અલગ અલગ સીઝન પ્રમાણે શાકભાજી વાવવામાં આવે તથા જે પાકમાં બે છોડ વચ્ચે જગ્યા રહેતી હોય તેમાં આંતરપાક તરીકે જુદા જુદા પાકોથી વધારાની આવક મેળવી શકાય છે. તેમણે કહ્યું કે, રાસાયણિક ખાતરોનો આડેધડ કરવામાં આવતો ઉપયોગ ઘટાડી ઓર્ગેનિક ખેતી તરફ આગળ વધી ખેતીને નફાકારક બનાવી શકાય તે અંગે ખેડુતોને ભલામણ કરવામાં આવે તે જરૂરી છે.

ડીસા કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ખેડુતલક્ષી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી મેળવી આ કેન્દ્ર દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે કુલપતિશ્રીએ સંતોષ વ્યક્ત કરી ડૉ. યોગેશ પવાર સહિત સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતાં. આ બેઠકમાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા સંશોધિત દિવેલા, રાઇ, મગફળી વગેરે બિયારણોના નિદર્શન, હાઇબ્રીડ નેપીયર ઘાસ, કાંકરેજ ગાયમાં કૃત્રિમ બીજદાન, એઝોલા પીનાટા, બાગાયતી પાકોમાં આવતા રોગોનું નિયંત્રણ, મરચા અને શક્કરટેટીનો આંતરપાક, બટાટામાં લસણનો આંતરપાક, સ્ટ્રોબેરીની ખેતી, મશરૂમ, સુંગધિત ખેતી જીરેનિયમ સહિતના નવા પાકો ધ્વારા કેવી રીતે વધુ આવક મેળવી શકે તેની વૈજ્ઞાનિકો દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. વી. ટી. પટેલ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સિનિયર સાયન્ટીસ્ટ ડૉ. વી. વી. પ્રજાપતિ, બટાટા સંશોધન કેન્દ્રના સિનિયર સાયન્ટીસ્ટ ડૉ. આર.એન.પટેલ, ડીસાના સામાજિક કાર્યકરશ્રી ડૉ નવીન શાહ, પ્રગતિશીલ ખેડુતશ્રી કનવરજી વાઘણીયા, શ્રી કાંતિલાલ પરમાર સહિત કૃષિ વૈજ્ઞાનિકો અને ખેડુતો ઉપસ્થિત રહ્યાં હતાં.

### એએમએના પૂર્વ પ્રમુખ ડો. મોના દેસાઈની ચેતવણી

# પ્રચારમાં જામતાં ટોળાંથી દિવાળીની જેમ કોરોનાના કેસમાં તીવ્ર ઉછાળાનું જોખમ

અમદાવાદ,તા.૧૨

પંડિત દીનદયાળની પુણ્યતિથિ નિમિત્તે ભાજપના ૪૮ વોર્ડના ૧૯૨ ઉમેદવારે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં સમર્પણ સંકલ્પ લીધો હતો. સમગ્ર ગુજરાતમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે ચૂંટણી પ્રચારમાં નીકળતા આગેવાનો અને સમર્થકો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરતા નથી. આ બાબતે અમદાવાદ મેડિકલ એસોસિએશનના પૂર્વ પ્રમુખ ડૉ.મોના દેસાઈએ કહ્યું કે, ચૂંટણી પ્રચારમાં ટોળેટોળા જામે છે, જેના કારણે ફરી કોરોનાનો ફેલાવો વધી શકે છે. ફેબ્રુઆરી-માર્ચમાં ફ્લૂ જેવા વાઈરલ ઈન્ફેકશનને વેગ મળતો હોય છે.

યુ.કે., અમેરિકા અને ચીનમાં કોરોનાના કેસ ફરી વધી રહ્યાં છે. બોડકદેવમાં કોંગ્રેસના ઉમેદવારો ગુરુવારે ટ્રેક્ટર પર પ્રચાર માટે નીકળ્યા હતા. બંને રાજકીય પક્ષો સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું સાવ ભૂલી ગયા હતા.

# ગુજરાતી ભજન સમ્રાટ ગણાતા જગમાલ બારોટનું નિધન

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતી ભજન સમ્રાટ ગણાતા જગમાલ બારોટનું નિધન થયું છે. ત્યારે તેમના શ્રોતાઓમાં દુઃખની લાગણી પ્રસરી છે. જગમાલ બારોટે અનેક સંતવાણી અને સ્ટેજ પ્રોગ્રામ કર્યા હતા. ભજનિક જગમાલ બારોટ 'કટારી' અને "હાટડીયે કેમ રહેવાશે ભાઈ" સહિતના ભજનથી લોકપ્રિય થયા અને નામના મેળવી હતી. જગમાલ બારોટ નાનપણમાં અભ્યાસ કરતાં હતા, ત્યારથી જ તેમને પારંપરિક ગીતો ગાવાનો શોખ હતો.જગમાલ બારોટ શાળામાં ગરબા, લોકગીતો અને દુહા ગાતા હતા. સૌરાષ્ટ્રના જગવિખ્યાત સંત બજરંગદાસ બાપા બગદાણાના સાનિધ્યમાં પણ તેમણે અનેક ભજન કાર્યક્રમો કર્યા હતા. ભજનિક જગમાલ બારોટ કટારી અને હાટડીયેકેમ રહેવાશે ભાઈ સહિતના ભજનથી લોકપ્રિય થયા અને નામના મેળવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.